# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી - એપ્રીલ ૨૦૧૪ વર્ષ ૭ અંક ૧ પૃષ્ઠ ૮ રૂ. ૨/-

## સાંભળવાની કળા, જોવાની કલા અને શીખવાની કલા જીવનમાં અદ્‌ભુત એવી સ્પષ્ટતા લાવે છે

સાંભળવાની કળા, નિહાળવાની કળા અને શીખવાની કળા આ વિષયમાં આપણે હમેશા બોલતા આવ્યા છીએ. સાંભળવાની કળા એટલે કે એ રીતે સાંભળવું કે પ્રત્યેક બાબત ને તેના સ્થાને સહજતાથી મુકી શકાય. કળા શબ્દનો અર્થ એવો થાય છે કે દરેક વસ્તુને તેના યોગ્ય સ્થાને મૂકવી. જોવાની કે નિહાળવાની કળા એટલે કે દરેક વસ્તુ જેવી દેખાય છે તેને તે સ્વરૂપમાં જ જરાપણ વિકૃત કર્યા વગર જોવી, એ દેખીતું છે કે જો કોઈપણ પ્રકારની વિકૃતિ થાય ત્યારે ત્યાં નિરીક્ષણ નથી હોતું. જો આપણે ભૂલથી પક્ષીને સાપ સમજીને જોતા હોઈએ ત્યારે સ્પષ્ટ એવી જોવાની પ્રક્રિયા નથી હોતી. એજ પ્રમાણે સ્પષ્ટતાપૂર્વક જોવું. વસ્તુના આકલન માટે સ્પષ્ટતા હોવી જોઈએ ત્યાં કોઈ પણ પ્રકાર નો હેતુ, જોવાનું તાત્પર્ય અને કોઈ ચોક્કસ એવો દૃષ્ટિકોણ ના હોવો જોઈએ. બરોબર? હવે આપણે આગળ જઈએ? આપણે એકબીજા ભેગા મળી અરસપરસ એક સાથે વિચાર કરીએ છે ને? અને શીખવાની કળા એટલે ફક્ત કોઈપણ પ્રકારના જ્ઞાનને એકત્ર કરવાની કળા નથી. કોઈપણ કાર્ય કુશળતાપૂર્વક કરવા માટે તેની આવશ્યકતાની જરૂર છે. પરંતુ જ્ઞાન એકત્ર કરવા સિવાય પણ શીખવાનું હોય છે. બરોબર? જે થોડું અઘરું છે. બે પ્રકારનું શીખવાનું છે. અનુભવો દ્વારા, પુસ્તકો દ્વારા, શિક્ષણના માધ્યમ દ્વારા, અગાધ એટલું જ્ઞાન એકત્ર કરી શકાય. અને એ પ્રકારે એકત્રિત કરેલું જ્ઞાન જીવન વ્યવહારમાં કુશળતાપૂર્વક વાપરી શકાય. બીજા પ્રકારનું જ્ઞાન એવું છે જેમાં કંઈ જ એકત્ર કરવાનું નથી. કે તેવી સંભાવના નથી. માટે જ કાળજીપૂર્વક ધ્યાનથી સાંભળો. એટલે કે જે અત્યંત આવશ્યક એવી બાબત સિવાય અન્ય કોઈપણ બાબતની સ્મૃતિમાં નોંધ થવી ના જોઈએ. આપણે એકબીજા સાથે એકત્રપણે ચાલી રહ્યા છે, ને? એટલે કે આપણે કોઈ પણ પ્રકારનું જ્ઞાન શીખીએ છીએ ત્યારે મગજ તેની નોંધ કરે છે અને જ્ઞાનના સ્વરૂપમાં તેનો સ્મૃતિમાં સંગ્રહ કરે છે. અને તે એકત્રીત કરેલા જ્ઞાન પ્રમાણે તેનો ઉપયોગ કુશળતાપૂર્વક યા અકુશળતાપૂર્વક કરે છે.

પરંતુ બીજા પ્રકારની શીખવાની પ્રક્રિયામાં એટલું બધું અવધાન હોય છે કે જેમાં અત્યંત આવશ્યક બાબતની નોંધ લેવાય છે. અને બાકી કોઈ બાબતની નહીં તમે આ સમજ્યા? આથી મન દરેક સમયે અસ્તવ્યસ્ત એવા જ્ઞાનની ભીડમાં ઘેરાયેલું રહી કાર્ય કરતું નથી મને શંકા ઉદ્‌ભવે છે કે તમને આ બધું સમજાય છે કે નહીં? આપણે અધિક ગહેરાયમાં જઈએ. પ્રજ્ઞાને જાગ્રત કરવા માટે આ ત્રણ બાબત ઘણી જ અગત્યની છે. જેમાં સાંભળવાની કળા, જેમાં જે કંઈ કહેવામાં આવે છે તે શાબ્દીક રીતે નહીં અશાબ્દીક રીતે સાંભળવાની કળા, અને તેને કોઈપણ રીતે વિકૃત કર્યા વગર સાંભળવાની કળા એ છે સાંભળવાની કળા. એજ પ્રમાણે નિહાળવાની કળા એટલે વસ્તુને મનની કોઈ અપેક્ષા કે હેતુ વગર તે જેવી છે તેને માત્ર નિહાળવાની કળા, બરોબર? ત્યાર પછી શીખવાની કળા વ્યવહારમાં કુશળતાપૂર્વક કાર્ય કરવા માટે જે જ્ઞાનને એકત્રીત કરવામાં કે જેમાં આવશ્યક બાબતની નોંધ લેવામાં આવે છે. પણ કોઈપણ પ્રકારના માનસિક પ્રતિભાવની નોંધ ના લેવી એનું સ્વાતંત્ર્ય ત્યાં હોય છે. જેથી મગજ જે કંઈ કાર્ય કરે જ્ઞાન દ્વારા તે કુશળતાપૂર્વક કરે. પરંતુ મગજ તેની સ્મૃતિ ઊભી ના કરે અને મુક્તપણે કાર્ય કરે, બરોબર? મને શંકા ઉદ્‌ભવે છે કે તમને આ બધું સમજાય છે કે નહીં? આ ઘણું જ અઘરું કાર્ય છે. આ માટે પૂર્ણ અવધાનની જરૂર છે જેથી જે કંઈ આવશ્યક છે તેની જ નોંધ લઈ શકાય અને જે બિલકુલ અનાવશ્યક છે એની નોંધ જ ના થાય. કોઈ તમારી સ્તુતિ કરે, કોઈ અપમાન કરે, કોઈ આ કે તે કહે એ બધાની બિલકુલ નોંધ થતી નથી, બરોબર, આથી અનન્ય એવી સ્પષ્ટતા આવે છે. બરોબર? માત્ર કુશળતા કે કૌશલ્યાના સંદર્ભમાં જ નહીં. કે જે જ્ઞાનથી નિષ્પન્ન થયું છે. શા માટે હું આવો ઉત્સુક છું. એ ઘણું જ ઉત્તેજક છે તમને ખબર નથી કે એનો અર્થ શું છે. હું ગઈકાલે એ વિશે વિચાર કરતો હતો હું એ બાબતમાં બોલવા ઈચ્છતો હતો, પરંતુ રહી ગયું હતું. નોંધણી થવી અને નોંધણી ના થવી. આથી માનસિક 'અહંમતા' ઉદ્‌ભવતી નથી. 'હું' નુ અસ્તિત્વ. ત્યારે મજગમાં 'હું' (અહંતા)નું અસ્તિત્વ ઘડાય છે. જ્યારે અનાવશ્ય વસ્તુની સ્મૃતિમાં નોંધ થતી હોય. એટલે કે નામને અતિ મહત્ત્વ આપવામાં આવે છે. પોતાના નામનું, અનુભવનું. પોતાના સ્વરૂપનું, પોતાના મંતવ્યોનું વગેરે બાબતને વિશેષ મહત્ત્વ આપવું. આ બધી બાબત 'અહંતા'ને (હું ને) ઊર્જા આપે છે, ને તેને પ્રબળ કરે છે. જે હમેશા વિકૃત્તિનું સર્જન કરે છે. શું આપણે આગળ જઈશું? એનો અર્થ એમ કે તમે કૃપા કરી સાથે ચાલો તો આપણે ભેગા મળી આગળ જઈ શકીએ. આપણે સાથે મળી આ પ્રવાસ કરી રહ્યા છીએ. તેથી જ્યાં શીખવાની કળા છે. દરેક વસ્તુને તેની યોગ્યતા પ્રમાણે યોગ્ય સ્થાને મુકવામાં આવે ત્યારે ત્યાં સાંભળવાની ક્રિયા કોઈપણ પ્રકારના નિર્ણય કે મત પ્રમાણે થતી નથી પણ સહજતાથી થાય છે. કારણકે આ બધી વસ્તુ સાંભળવાના કર્મમાં વિકૃત ઊભી કરે છે. અને આ રીતે સાંભળવાની પ્રક્રિયામાં આપણને સાચા અને ખોટાની પ્રતિતી થાય છે. કોઈપણ પ્રકારના પ્રયત્ન વગર જ્યારે હકીકતમાં ખરેખર સાંભળવાની પ્રક્રિયામાં મન ધ્યાનસ્ત હોય છે. ત્યારે આપો આપ જ ખોટી બિલકુલ અનાવશ્યક વસ્તુ તે બાજુ પર મુકી દે છે, બરોબર? જ્યારે આપણે આપણા અભિપ્રાય, હેતુ, માન્યતા શ્રધ્ધા વગેરે પ્રમાણે નિરીક્ષણ કરીએ છીએ. ત્યારે તે નિરીક્ષણની કળા નથી હોતી. અને તમે સ્પષ્ટતાપૂર્વક પારદર્શકતાપૂર્વક જોઈ શકતા નથી. જીવનમાં કુશળતાપૂર્વક કાર્ય કરવા માટે જ્ઞાન એકત્ર કરવાની કલા આવશ્યક છે. પરંતુ આવશ્યકતા વિનાની બીજી વસ્તુની નોંધ લઈ તેનો સ્મૃતિમાં સંગ્રહ કરવાથી વિકૃતિનું નિર્માણ થાય છે. આપણે કુશળતાને વિશેષ મહત્ત્વ આપીએ છીએ. આથી તે યાંત્રિક બની જાય છે. હું આશા રાખું છું કે તમને આ બધુ સમજાય, બરોબર? તમે સ્વયં જુઓ? તેથી સાંભળવાની કળા, જોવાની કલા અને શીખવાની કલા જીવનમાં અદ્‌ભુત એવી સ્પષ્ટતા લાવે છે. આથી તે સ્પષ્ટતાને કારણે શાબ્દીક સંવાદ સાધી શકાય.

*The Wholeness of Life*, સાનેન૧૭૭૦, પ્ર. ૩.

# નિરીક્ષણ દ્વારા શીખવાની ક્રિયા

**શી**ખવું અને શિખવવું એ બંનેમાં ઘણો મોટો ફરક છે. અને મને લાગે છે કે આ બંને વચ્ચેનો તફાવત સમજવો એ ઘણું અગત્યનું છે. શીખવા માટે વિનમ્રતાની ઘણી જરૂર છે. કારણકે શીખવું એ ઘણી જ કઠણ બાબત છે, ઘણી વિકટ પ્રક્રિયા છે અને મન શીખવા માટે તત્પર હોતું નથી. આપણામાંથી મોટાભાગના લોકોને માત્ર શીખવવામાં આવ્યું છે. અને જે માણસને માત્ર શીખવવામાં આવે છે, તે માણસ શીખવા માટે અસમર્થ બને છે. શીખવું એ સાતત્યથી ચાલતી પ્રક્રિયા છે. કે શીખવાની પ્રક્રિયામાં શિક્ષણ અને શિક્ષકનું વિભાજન નથી હોતું. ગુરુ અને શિષ્યનું અસ્તિત્વ નથી; ત્યાં ફક્ત શીખવાનું હોય છે.

જ્યારે મન શીખવનારની રાહ જોતું હોય છે. ત્યાં માત્ર જ્ઞાન એકત્ર કરવાની ભાવના હોય છે. ત્યારે ત્યાં શીખવાનું નથી હોતું. શીખવવાની પ્રક્રિયામાં, કે જેમાં પ્રયત્નની આવશ્યકતા નથી તે માત્ર તમારી સ્મૃતિનું ખેડાણ છે. ત્યાં શિક્ષક અને વિદ્યાર્થી હોય છે એક ને બધી જાણકારી છે. બીજાને કંઇ જ ખબર નથી, અને આ રીતનો તફાવત જીવનભર ચાલતો રહે છે. મને લાગે છે કે આપણે આ ખોટો તફાવત અને ભ્રમણા અને શરુઆતથી જ સમજી લેવી જોઇએ એમાં જ ડહાપણ છે. અને આપણી વચ્ચે સાચો સંબંધ પ્રસ્થાપિત કરવાનો છે જેમાં કોઇ ગુરુ નથી કે વિદ્યાર્થી નથી. તેમજ ત્યાં કંઇ જ શીખવવાનું નથી, પરંતુ ફક્ત શીખવાનું જ હોય છે, અને શીખવા માટે પ્રખર નમ્રતાની આવશ્યકતા છે. જે માણસ એમ કહે છે 'હું જાણું છું.' હકીકતમાં તે જાણતો નથી. એ જે કંઇ જાણે છે તે વીતી ગયેલો ભૂતકાળ છે. જે નો અંત થઇ ગયો મૃત્યુ થઇ ગયુ છે. પરંતુ જે માણસ પ્રત્યેક દિવસે ને ક્ષણે શીખતો હોય છે. અને માત્ર જ્ઞાન એકઠું કરતો નથી હોતો ત્યાં નથી શિક્ષક કે નથી શીખવવાનું; ત્યાં માત્ર ક્ષણે ક્ષણે વાસ્તવિકતાને સમજવાનું છે.

તેથી તમારે અને મારે એ સમજવાનું છે કે આપણે સાથે મળી પ્રવાસ કરી રહ્યા છીએ જે પ્રવાસમાં નિહાળવાનું, સાંભળવાનું અને શીખવાનું છે. જો આપણે સમજ્યા હોઇ તો, આપણે આપણી આસપાસ આવેલી તમામ વસ્તુ પાસેથી આપણે શીખી શકીએ છીએ. માત્ર કોઇ વિશિષ્ટ પુસ્તકમાંથી જ નહીં. કે કોઇ શિક્ષક કે ધર્મમાંથી જ નહીં. સમગ્ર જીવન જીવવાની પ્રક્રિયા એ અધ્યાત્મ કે ધર્મ છે. જો આપણે ખરેખરમાં શીખવું એટલે શું એની શોધ લઇ સે અને શીખવાનો મર્મ સમજીએ. પરંતુ એ ઘણું અઘરું છે કારણકે આપણામાંથી મોટા ભાગના લોકો માટે તેનું આકલન થવું ઘણું જ અઘરું છે. કારણકે મોટાભાગના લોકો કોઇ આપણને શીખવે એવી અપેક્ષા રાખતા હોય છે. તમને ખબર છે અને મને ખબર નથી; તમે મને શીખવો હું તેનો સ્વીકાર કરીશ. આથી ત્યાં પોતાની કોઇ જ જવાબદારી રહેતી નથી. તેમાં કોઇપણ પ્રકારની તડજોડ કરવાની નથી રહેતી. બીજા પાસે શીખવામાં એક પ્રકારની સુરક્ષા અનુભવીએ છીએ, ત્યાં શોધ કરવાની નથી રહેતી, કોઇપણ પૂછપરછ કરવી પડતી નથી. જો તમે આ વાર્તલાપ હું કંઇ તમને શીખવું છે એવા અભિગમ પ્રમાણે સાંભળતા હશો તો તમે મોટી ભૂલ કરો છો. અથવા તો હું તમને અસાધારણ કોઇ ચમત્કારીક એવું કંઇક તમને કહેવા માગું છું. પરંતુ આપણે બન્ને જણા ખરેખરી નમ્રતાપૂર્વક જીવન જીવવાની પ્રક્રિયાને સમજી શકીએ. અને સમજણમાં અદ્ભુત એવું પરિવર્તન છે.

તેથી ત્યાં સાંભળવાનું છે, નિરીક્ષણ દ્વારા શીખવાની ક્રિયા. શીખવું એ સંગ્રહ કરવાની બાબત નથી. વહેતું જળ ક્યારે પણ સંચિત થતું નથી વહેતું જ રહે છે. અને શીખવાની ક્રિયા જ્યારે સંપૂર્ણપણે થાય છે; કોઇ પણ અનુભવ સંગ્રહીત થતો નથી. કે તેના વિશેની કોઇ જ નોંધ કરતું નથી. તેમજ જે કંઇ ઘટિત થતું હોય તેની, આવું ત્યારે શક્ય થાય છે જ્યારે તમારું નિરીક્ષણ ઘણી બારીકાઇથી થતું હોય. આથી મગજ જે વધારે બધ્ધ થયેલું છે, વધારે ને વધારે યંત્રવત કાર્ય કરે છે, તે મર્યાદિત છે. તે આ મર્યાદાને તોડી નાખી શકે છે.

*The Mirror of Relationship*, મુંબઇ ૧૯૫૭, પ્ર.૧

## શીખવા માટે મન શાંત હોવું જોઇએ

**કં**ઇક નવું શોધવા માટે તમારે સ્વયંથી શરુઆત કરવાની છે. પૂર્ણપણે આવરણ રહીત થઇ આ પ્રવાસની શરુઆત કરવી જોઇએ વિશેષ કરીને જ્ઞાન અને બધી જ માહિતીથી તદ્દન મુક્ત હોવું, કારણકે શ્રધ્ધા અને જ્ઞાન દ્વારા અનુભવ મેળવવું ઘણું જ સરળ છે. પરંતુ તે અનુભવ માત્ર પોતે કલ્પેલુ કાલ્પનિક ચિત્રણ છે. આથી તે પૂર્ણપણે ભ્રામિક એવું ખોટું છે. જો તમને તમારા પોતાને માટે જે કંઇ નવું છે એજ શોધી કાઢવું હોય. ત્યારે જૂનાનો ભાર લઇ ચાલવું એ યોગ્ય ઠરતું નથી, વિશેષ કરીને તમારું જ્ઞાન, બીજા વિશેનું તમારું જ્ઞાન, ભલે એ ગમે તેટલું મહાન હોય, તે યોગ્ય નથી હોતું. તમારું આ જ્ઞાન તમે તમારી મોટાઇ, પ્રતિભા અને સુરક્ષિતાને વધારવા માટે કરો છો. અને તમે ખાત્રીથી એ પુરવાર કરવા ચાહો છો કે બુધ્ધ, ઇશુ કે શ્રી 'X' ને અનુભૂતી થઇ હતી તેવીજ અનુભૂતિ મને થઇ છે. પરંતુ જે માણસ સતત જ્ઞાન દ્વારા પોતાનું રક્ષણ કરતો હોય છે. ત્યારે એ દેખીતું છે કે તે સત્યનો શોધક નથી.

પરંતુ સત્યની શોધના માટે કોઇ જ માર્ગ ઉપલબ્ધ નથી. પરંતુ જ્યારે તમે કંઇક નવું શોધવા ચાહો છો. તમે ત્યારે જે કંઇ પ્રયોગ કરો છો ત્યારે તમારું મન અત્યંત શાંત હોવું જોઇએ એ બરોબર છે કે નહીં? જો તમારું મન જ્ઞાન અને હકીકતથી ભરચક ભરેલું હોય છે. ત્યારે તે બધા ઘટક નવીન એવું કંઇ શોધવા માટે અવરોધ બને છે. આપણામાંથી મોટાભાગના લોકોની આજ મુશીબત છે કે આપણે માટે મન એ ઘણું જ મહત્ત્વનું છે. તેનું આધિપત્ય કે વર્ચસ્વ એટલું બધું પ્રબળ હોય છે. આથી જે કંઇ નવું હશે તેમાં સતત અવરોધક બને છે. અને અથડામણ ઊભી કરે છે. આથી જે કંઇ કાળથી પર છે તેની શોધ લેવા ચાહે છે તેવી વ્યક્તિ માટે જ્ઞાન એ શીખવાની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરે છે.

*The Book of Life*, ૯ જાન્યુઆરી
*Daily Meditations with J. Krishnamurti*

## તે ત્રણ કલા

દરેક મનુષ્યનું જીવન એક પુસ્તક સ્વરૂપ છે. એ પુસ્તકને વાચવા માટે અને તે પુસ્તક આપણને શું કહેવા માગે છે. એ સાંભળવાની એક કલા છે. તેનુ આપણ સૌને આકલન થવું જોઇએ. સાંભળુ એટલે તે પુસ્તકો નો મનગમતો અર્થ કાઢવો એવુ નથી કેવળ તટસ્થરીતે તેનું નિરીક્ષણ કરવું. જેમકે તમે આકાશ માં વાદળો નિહાળતા હોવ. તે વાદળોના સ્વરૂપ ને કે તેના આકારને તમે બિલકુલ બદલી શકો નહીં. અથવા હવામાં હિલોળા ખાતા તાડના વૃક્ષને કે સૂર્યાસ્તના સૌંદર્ય ને, તમે બદલી સકો નહીં. માટે જ તે જીવન પુસ્તક આપણને શું કહેવા માગે છે તે સાંભળવાની કલા આપણા સૌને સાધ્ય થવી જોઇએ અને તે આવશ્યક છે. આપણે સ્વયં તે પુસ્તક છીએ.

અને બીજી એક કલા છે. નિરીક્ષણની, નિહાળવાની. જ્યારે તમે એ પુસ્તક સ્વરૂપ જીવનને વાચો છો ત્યારે તે જીવનરૂપી પુસ્તક અને તમે એકજ છો જુદા નથી. પુસ્તક અને વાચક એ બે ભિન્ન નથી. તમે સ્વયં તે પુસ્તક છો.

હજી પણ એક કલા છે. તે કલા છે જ્ઞાન પ્રાપ્ત કરવાની, શીખવાની. તમે કમ્પ્યુટર શીખી શકો છો અને તેને આજ્ઞા કરી શકાય અને તમારી આજ્ઞા પ્રમાણે તે કાર્ય ની પુનરૂક્તિ કરી શકે છે. આપને પહેલા અનુભવ કરીએ છીએ. જાણકારી એકત્ર કરીએ છીએ મગજ માં તેને સાચવી રાખીએ અને પછી સ્મૃતિના સ્વરૂપમાં વિચારો ઉદ્‌ભવે છે. અને તે વિચારો અનુસાર આપણે કાર્ય કરીએ છીએ. અને આ પ્રક્રિયાથી તમે શીખો છો. શિક્ષણ એટલે વધારે ને વધારે જાણકારી પ્રાપ્ત કરવી કોઇ પણ સજાગ, સતર્ક મગજ સતત આવુંજ કાર્ય કરે છે એક કમ્પ્યુટરની જેમ. અનુભવ, જાણકારી, સ્મૃતિ, વિચા- અને કૃતી આવી આ સાંકળ સતત કાર્યશીલ હોય છે. આજ શિક્ષણની પ્રક્રિયા છે. અનુભવાયેલું જ્ઞાન. આ આખી માનવ જાતની બાબત છે. સતત પડકાર અને તે આહવાન ને (પડકારને) આપવામાં આવતો પ્રતિભાવ અને તે પુસ્તક સંપૂર્ણ માનવજાતિનું જ્ઞાન છે. એટલે તે જ્ઞાન એજ તમે સ્વયં છો!

મને ખ્યાલ છે કે તમે સૌ ઘણું કરી ને બધાજ ઘણાજ શિક્ષિત છો. ઘણા વિદ્વાન છો. પરંતુ હું તમને ઘણી સરળ ભાષામાં કહી રહયો છું. શબ્દો સર્વસ્વ કરી નથી. પ્રતિક એ પ્રત્યેક્ષ હકીકતથી તદ્દન જુદીજ હોય છે. માટે હું કહું છુ તે ત્રણ કલા નિહાળવુ, સાંભાળવું અને શીખવુ. જ્ઞાત બાબતથી મનુષ્ય મુક્ત રહી શકતો નથી. આથી આપણી શીખવાની કલા યાંત્રિક બની જાય છે. શીખવાની કલા એ શબ્દોનો અર્થ પૂર્ણપણે જુદોજ છે. શીખવુ એટલે મનુષ્યની જાણકારી, જ્ઞાનની મર્યાદાની ઓળખ અને હાલચાલ આમ સાંભળવાની, નિહાળવાની અને શીખવાની આવી ત્રણ પ્રક્રિયાની મદદ થી આપણે આપણું જીવનપુસ્તક વાચવાનું છે. તમે મારી સાથે એકત્ર પણે આ પુસ્તક વાચી રહ્યા છો. પણ હુ તમારું પુસ્તક વાચતો નથી. આપણે સર્વ સાથે આ મનુષ્ય જીવનનુ - આયુષ્યનું પુસ્તક. જે તમે વક્તા અને બીજી સંપૂર્ણ માનવ જાત આ પુસ્તકનું વાચન કરી રહ્યા છીએ. કૃપા કરી ધ્યાન આપો. આપણે સ્વયંનુ પુસ્તકરૂપી જીવનને કેવી રીતે વાંચવુ, જો એની આપણામાં સમજ હોય. તો બધાજ ઘર્ષણ અને દુઃખનો અંત થાય છે. તદ્દન આવા પ્રકાર નું ધાર્મિક મન-શ્રધ્ધાળું અને માત્ર ધાર્મિક વિધી વિધાન કરતુ મન નથી પરંતુ ખરેખરમાં મુક્ત એવુ મન છે. આ પુસ્તકને પૂર્ણપણે વાંચવાથી એવા મનને સત્યની કૃપા પ્રાપ્ત થાય છે.

શ્રીલંકામાં પ્રવચનો, કોલંબો, ૯ નોવ્હેંબર ૧૯૮૦

## પ્રયત્ન વગર શીખવું

**અ**ત્યારે તમે મને સાંભળી રહ્યો છો. મારા શબ્દોને ધ્યાનથી સાંભળવા માટે પ્રયત્ન કરતા નથી. ફક્ત સાંભળો છો. અને તમે જે કંઇ સાંભળો છો તેમાં જો કંઇ સત્ય હશે ત્યારે તમને સ્પષ્ટતાથી જણાશે કે તમારી અંદર અસાધારણ એવુ પરિવર્તન થઇ રહ્યું છે. જે પરિવર્તન માટે આ પહેલાં કલ્પ્યું ના હશે કે ઇચ્છયું ના હશે, - પરિવર્તન, સંપૂર્ણ ક્રાંતિ જેમાં સત્ય એજ ખુશી છે. અને એ તમારા મનનું સર્જન નથી. જો હું તમને સૂચન કરું કે તમે આજ પ્રકારે બધી જ વાત અને બાબતને સાંભળો. ફક્ત હું જે બોલું એટલું જ નહીં. પરંતુ બીજા લોકો પણ જે કંઇ કહેતા હોય તેને પણ પક્ષીઓના ગૂંજનને, ટ્રેનની સીટી, પાસેથી પસાર થતી બસનો અવાજ જો તમે સાંભળશો ત્યારે તમને એની પ્રતીતિ થશે કે તમે વધારે ને વધારે બધી જ વસ્તુનું અધિક શ્રવણ કરશો ત્યારે તમને તેમાં શાંતિની પ્રતીતિ થશે. તમને શાંતીમાં અવાજથી ભંગ નહીં પડે. ફક્ત તમે જ્યારે તેનો વિરોધ કરો છો કે તેની વચ્ચે આવરણ ઊભું કરો છો અને જ્યારે તમે તે સાંભળવા નથી ચાહતા ત્યારે જ ત્યાં સંઘર્ષ ઉદ્‌ભવે છે.

*The Book of Life*, ૬ જાન્યુઆરી

## ઉત્કટતાપૂર્વક જોવું

**મ**ને એવું લાગે છે શીખવું એ વિલક્ષણ અઘરું છે, જેમ કે નિરીક્ષણ પણ અઘરું છે. આપણે ખરેખરમાં કદી પણ કંઇ સાંભળતા નથી, કારણકે આપણું મન મુક્ત હોતું નથી; આપણા કાન આપણે જે કંઇ જાણીએ છીએ એનાથી ભરાયેલા છે. આથી સાંભળવું અઘરું બની જાય છે. મને એવું લાગે છે - ખરેખરમાં એજ વસ્તુસ્થિતિ છે. આપણે જો ઊત્યંત ઉત્કટતા અને આપણી સમગ્ર શક્તિ સાથે કોઇપણ બાબતને સાંભળીએ તો તે સાંભળવાની ક્રિયા એ મુક્તિ માટે કારણભૂત ઠરે. પરંતુ કમનસીબે આપણે કદી પણ મુક્ત મને કંઇપણ સાંભળતા જ નથી. એ વિશે તમે કદી જ શીખ્યા નથી. આખરે તમે તેજ સમયે શીખો છો જ્યારે તમે સમગ્રપણે સમર્પિત થઇ સાંભળો છો. જ્યારે તમે સર્વસ્વ સમર્પિત કરી ગણિત શીખો છો ત્યારે ગણિત શીખાય છે. પરંતુ જ્યારે તમારી અંદર દ્વંદ્વ કે આંતરવિરોધ હોય છે તમે શીખવા ચાહતા હોવ પણ દબાણ સાથે શીખવાનો પ્રયત્ન કરો છો ત્યારે તે શીખવાની ક્રિર્યા જ્ઞાન ભેગુ કરવાની પ્રક્રિયા બની જાય છે. શીખવું એતો અનેક પાત્રો ધરાવતી નવલકથા વાંચવા જેવું છે. તેમાં તમારું મન પૂર્ણપણે તેમાં સંડોવાયેલું હોય છે. વિરોધાત્મક ધ્યાન નહીં. જો તમે કોઇ વસંત ઋતુના પાંદડા વિશે શીખવા ચાહતા હોવ કે ઉનાળાથી સુકાયેલા પાંદડા વિશે, તમારે ચોક્કસપણે અચૂક પાંદડાનું નિરીક્ષણ કરવું જોઇએ તેના આકારને તેના પોતને તે જીવંત એવા તાજા પાનની વિશિષ્ટતા જેમાં તેનું સૌંદર્ય છે, ઊર્જા છે. તે એક પાંદડામાં પણ જીવનનું સૌંદર્ય છે. તેથી એક પાંદડા વિશે, ફૂળ વિશે એકાદ વાદળ વિશે કે સૂર્યાસ્ત વિશે અથવા એક મનુષ્ય વિશે શીખવા માટે તમારી સમગ્ર એવી ઉત્કટતા સાથે તેનું નિરીક્ષણ કરવું જોઇએ.

*The Book of Life*, ૮ જાન્યુઆરી

# વૃ|ત્ત|વિ|શે|ષ

## ઋષિવેલીમાં યોજાયેલું વાર્ષિક સંમેલન – ૨૦૧૩

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડીયા દ્વારા તા. ૨૧ થી ૨૪ નવેમ્બર દરમિયાન વાર્ષિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સુમારે ૨૫૦ જેટલા શિબિરાર્થી એ હાજરી નોંધાવી હતી. "Living the Teaching in a Secular World"- એ સંમેલનનો મુખ્ય વિષય હતો. અર્વાચીન સમયમાં કૃષ્ણમૂર્તિના શિક્ષણનું સ્થાન શું છે. આ વિષયમાં ઉપસ્થિત બધા જ શિબિરાર્થીઓ મુક્તપણે સહભાગી થઇ આ વિષયને સમજવા માટેનો ઉદ્દેશ હતો.

સંમેલનની શરુઆતમાં રાધિકા હર્ઝબર્ગર એ એ વિષય પર એક વિવેચન આપ્યું હતું. જ્યાં મનુષ્ય ધર્મનો ખરો અર્થ દૂર ચાલી ગયો છે. એવી આ દુનિયામાં કૃષ્ણમૂર્તિનું સૂચિત શિક્ષણ જીવવું એટલે શું? એનો ઉકેલ શોધવાનો પ્રયત્ન થયો હતો. જ્યારે એકત્રિત સામાજિક વ્યવહારને ધ્યાનમાં લેવામાં આવે તો તેમાં શાસનના કાયદા કાનુન વ્યક્તિગત અધિકાર અને આર્થિક સમૃધ્ધિનો પ્રભાવ અને નિષ્કર્ષ આપણી નજર પડે છે. ધર્મનું અહીં કોઇ જ અસ્તિત્વ દેખાતું નથી. આ બધી બાબતોને ધ્યાનમાં લેતા પ્રશ્નનો સંપર્ક સાધી શકાય. અર્વાચીનકાળમાં ધર્મને વ્યક્તિગત અને જીવન વ્યવહાર પુરતો મર્યાદિત કરવા આવ્યો છે. ત્યારે ખરું આધ્યાત્મિક જીવન કેવી રીતે જીવવું? અને કૃષ્ણમૂર્તિનું સૂચિત શિક્ષણ ફક્ત વ્યક્તિગત જીવન વ્યવહારને લાગું પડે એટલું મર્યાદિત છે?

કૃષ્ણમૂર્તિના પ્રવચનની પ્રથમ ધ્વનિચિત્રમુદ્રીત વ્હીડિયો જે ૧૯૭૮માં મદ્રાસમાં ૩૧મી ડિસેમ્બરમાં આપવામાં આવ્યં હતું તે બતાવવામાં આવી અને સંમેલનની શરુઆત કરવામાં આવી. જીવનની સમગ્રતાને સમજવા માટે કૃષ્ણમૂર્તિ શ્રોતાઓને બાહ્યજગતથી શરુઆત કરી આંતરીક જીવનમાં પ્રવેશવાની વાત કરે છે. કૃષ્ણમૂર્તિની દષ્ટિએ બાહ્ય જગત એ સંસ્કારબધ્ધ કરવામાં આવેલ સંવેદનાથી દેખાતું જગ નહીં, પરંતુ વિવિધ આદર્શવાદના ઘર્ષણ દ્વારા જે જગતનું આકલન થાય એવું જગત. ઉદાહરણ તરીકે આદર્શવાદની વિચારની જાળમાં ફસાયેલા અને વિભાજીત રાજ્યો પોતાની સુરક્ષા પાછળ વર્ષે ચાલીસ હજાર કોટી ડૉલર્સની યુધ્ધ સામગ્રી એકત્રિત કરવામાં ખર્ચ કરે છે.

કૃષ્ણમૂર્તિની દષ્ટિએ આંતરિક જગ અને બાહ્ય જગ એકબીજા સાથે જોડાયેલું છે. સાગરની ભરતી અને ઓટ જેવા છે. ભરતી હોય ત્યારે પાણી બહાર આવે અને ઓટ આવતા ફરી સાગરમાં ભળે. એનો અર્થ એવો નથી કે બાહ્ય જગતમાં જે કંઇ ખોટું થઇ રહ્યું છે. એમાં કોઇ વ્યક્તિ અંગત રીતે જવાબદાર છે. પરંતુ જ્યારે વ્યક્તિ મહત્ત્વકાંક્ષા, રાગ દ્વેષ અને સ્પર્ધાત્મકતાના પ્રભાવમાં હોય છે અને જે કૃત્ય કરે છે ત્યારે તે વ્યક્તિ આવા વ્યાપારમાં ભાગીદાર બને છે.

કૃષ્ણમૂર્તિ શ્રોતાને હૃદયથી આજીજી કરી તેમનું ધ્યાન બાહ્ય જગતમાં ચાલતું વિભાજક ઘર્ષણ તરફ દોરે છે અને પછી કૃષ્ણમૂર્તિ આંતરિક જીવન વિશે શીખવા અને સમજવાની વાતો તરફ વળે છે. તેઓની શીખવાની આ પ્રક્રિયામાં કંઇ જ સંચય કરવાનું નથી. અત્યંત ઉત્કટતાપૂર્વક આપણી સમગ્રશક્તિથી એકાત્મ થઇ સાંભળીએ, જ્યાં આપણી બુધ્ધિ પોતાની રીતે સાંભળતી હોય એ રીતે નહીં. જ્યારે મન વિચલિત બની ભૂતકાળની સ્મૃતિને વાગોળતું ના હોય, મન પ્રેમસભર હોય. ત્યારે તે સાંભળવાની ક્રિયામાં એકાત્મતા હોય છે. જેમ કે કોઇ પક્ષી ને અસંદિગ્ધપણે સાંભળતા હોવ. આવા પ્રકારનું શ્રવણ એટલે શીખવું અને આ રીતની મુક્તતામાં જગતને બદલવાની જવાબદારી પ્રગટે છે.

શ્રોતાઓની સામે પ્રશ્ન હોય છે, જે જગત અધિક પ્રમાણમાં ધાર્મિક-તત્ત્વની મર્યાદામાં જકડાયેલું છે. એવી દુનિયામાં સાંભળવાની પ્રક્રિયા કેવી હોય? તે કોઇ ખાનગી એવી બાબત હોય શકે?

બીજે દિવસે સવારે પી. કૃષ્ણના પ્રવચનથી શરુઆત થઇ. જેમાં તેમણે ધાર્મિક જગતના ઉદયના ઇતિહાસની સમાલોચના કરી. ધર્મ અને વિજ્ઞાનની વચ્ચેનો સંઘર્ષ ૧૬મી સદીમાં ઉદભવ્યો. ૧૬મી સદીમાં ખગોળશાસ્ત્રી ગૅલિલિયોએ ચર્ચની તત્ત્વપ્રણાલિને સિધ્ધાંતને આહવાન કર્યું તેમાં એક એવી સમજ ફેલાયેલી હતી કે સૂર્ય પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. તેઓના એ મતની સામે ગૅલિલિયો એ સત્ય બાબતને કેવી રીતે પ્રસ્થાપિત કરી એ વાત ડૉ.પી. કૃષ્ણાએ પોતાના ઇતિહાસ વિશેના અભ્યાસના આધારે સ્પષ્ટ કરી. ગૅલિલિયોની આ શોધ પછી વિજ્ઞાનનો ધર્મ ઉપર વિજય થતો રહ્યો. અને પી. કૃષ્ણાએ એ ઇતિહાસના સંદર્ભમાં કૃષ્ણમૂર્તિના વિચારનું પરિક્ષણ કર્યું. ગૅલિલિયો પછી ધર્મનિરપેક્ષતાનો માર્ગ ખુલ્લો થયો. સત્ય એ કોઇની ખાનગી માલમતા નથી. કે કોઇ ધર્મની નથી. તે વિવેકબુધ્ધિની તપાસણીના ક્ષેત્રમાં આવે છે. એવું વિશ્વ એટલે ધર્માતિત જગત.

કૃષ્ણમૂર્તિનું શિક્ષણ કોઇ પરંપરાગત વિચારને આધારિત નથી. તેમજ માન્યતા કે શ્રધ્ધાના પાયા ઉપર ઉભેલું નથી. વૈજ્ઞાનિક દષ્ટિકોણ અને કૃષ્ણમૂર્તિની ધાર્મિકતા વિશેની શોધખોળમાં વિરોધાભાસ નથી. બન્નેમાં સત્યની શોધ રહેલી છે.

ત્યારબાદ કૃષ્ણમૂર્તિના ૨૭મી ડિસેમ્બર, ૧૯૮૦, મદ્રાસમાં આપેલા પ્રવચનની વિડીયો બતાવવામાં આવી. જેનો વિષય હતો ઉત્તરદાયિત્વ, જવાબદારી એ સંકલ્પનાનો બિલકુલ અનઅપેક્ષિત એવાં દષ્ટિકોણથી વિચાર કરવામાં આવ્યો હતો. કૃષ્ણજીએ આ પ્રવચનમાં ભારત ઉપર લક્ષ કેન્દ્રીત કરી આ દેશના વિનાશને રોકવો એ ભારતવાસીની જવાબદારી છે. એ વિષે કહેવામાં આવ્યું હતું. હું કોઇ રાષ્ટ્રવાદી દષ્ટિકોણથી બોલતો નથી એમ એ વારંવાર કહેતા હતા. ''પરંતુ એક વ્યક્તિ તરીકેની ભાવનાપૂર્વક કહું છું કે ભારતીય એવા શ્રોતાઓની જવાબદારી શું છે. આ દેશના નાગરિક તરીકેની તેમની જવાબદારી શું છે. તેમણે પોતાને એ પ્રશ્ન પૂછવાનો છે. કે એક માનવી તરીકે આપણે આ દેશમાં કેવી રીતે રહીએ છીએ. આ દેશને કેમ બચાવવો તેની અસ્મિતાને કેવી રીતે જાળવવી?'' એ બાબતમાં કૃષ્ણમૂર્તિ શ્રોતાઓનું ધ્યાન કેન્દ્રિત કરતા હતા.

અહીં કૃષ્ણમૂર્તિ 'આપણી જવાબદારી' એવો શબ્દપ્રયોગ કરે છે એ આપણા ધ્યાનમાં આવવું જોઇએ. વ્યક્તિગત રીતે કરવામાં આવતો વિચાર નહીં પણ વિશદ દષ્ટિકોણ સાથે તે ઉત્તરદાયીત્વનો સંકલ્પનાનો વિચાર કરે છે. જ્યારે આપણા વિચાર અને વ્યવહારમાં 'હું-મારું' એવી સંકલ્પના હોય છે ત્યારે દરેક વ્યક્તિ બીજી વ્યક્તિ જોડે લડતોઝઘડતો હોય છે. અને આપણે સંઘર્ષમાં જીવીએ છીએ. પોતાનો અભિપ્રાય બીજાના ઉપર લાદવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ તે ફરી ફરીથી એ કહે છે. મુક્તિ એ વ્યક્તિગત સ્તરે સંભવિત નથી. ઉત્તરદાયિત્વ એ સંકલ્પનાનો વિચાર કરતા કૃષ્ણમૂર્તિ આપણને સમજાવવા માગે છે કે આ કોઇ વ્યક્તિગત ઉધ્ધારની વાત નથી. તેમજ તે રાષ્ટ્રવાદી દષ્ટિકોણ પણ તેમાં અભિપ્રેત થતો નથી એ સ્પષ્ટ થાય છે.

નિરંતર વહેતા ઈતિહાસના પ્રવાહમાં અડગ શિલા જેવા ટકી રહે એવા સત્ત્વશીલ માણસો હશે તો જ ભારતના વિનાશને રોકી શકાય એવી શક્યતા છે. તેમણે આપેલા રૂપકની અંદર અભિપ્રેત એવી બે મુખ્ય બાબત આપણી સામે આવે છે. એક તો અડગ એવી અવિભાજક - અખંડતા અને અખંડતાને કારણે આજુબાજુના વાતાવરણમાં ઘટિત થતું પરિવર્તન એ સમૂહની અંદર દરેક વ્યક્તિ સ્વકેન્દ્રીત અવસ્થામાંથી મુક્ત થયેલી હશે કે નહીં હોય એ તેમણે શ્રોતા ઉપર છોડી દીધું છે.

ત્રીજા દિવસે પી. કૃષ્ણાએ જે વિષયની શરુઆત કરી હતી તેજ વિષયને શ્રી રાજન ચાંડીએ આગળ ચલાવ્યો. અને તેમણે ધર્મનિરપેક્ષ જગતની સંકલ્પના વિશે પોતાની ભૂમિકા માંડી. સમાજે ધર્મગુરુના આધિપત્યમાંથી મુક્તિ મેળવી પરંતુ એ પ્રક્રિયામાં સમાજે સત્વશીલતાને ગુમાવી દીધી. ભૌતિક રીતે કલ્યાણકારી વિચારને ફક્ત મહત્ત્વ આપવામાં આવ્યું. આથી સમાજ ધર્મશીલ દૃષ્ટિકોણમાં સમાવિષ્ટ સત્ત્વશીલતાને ખોઈ બેસે છે. શ્રી ચાંડી એમ કહેતા હતા કે પારંપારિક વિચારધારામાં માનવી જીવનના ઉદ્દેશ્યનો વિચાર હતો ધર્મ (યોગ્ય એવું સત્ત્વશીલ વર્તન), કામ (શારીરિક ઈન્દ્રીય સુખ) અને મોક્ષ (મુક્તિ) આ બાબતને મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્યારે જ્યારે કામ અને અર્થ વચ્ચે સંઘર્ષ ઉદ્‌ભવતો ત્યારે સત્ત્વશીલ વર્તનને યોગ્યતા આપવામાં આવી છે. ધર્મ નિરપેક્ષ સમાજમાં આધુનિક કાળમાં ધર્મને કોઈ સ્થાન નથી અપાતું ત્યારે મનુષ્ય ભૌતિક સુખ અને સંપત્તિ સંચયની પાછળ દોડવા લાગ્યો. ભૌતિક સુખનું જ મહત્ત્વ આપવામાં આવે. આથી ધર્મનિરપેક્ષ એવા સમાજમાં વ્યક્તિ સ્વકેન્દ્રીત બને, હિંસા, વિવિધ પ્રજાતિનો વિનાશ અને વૈશ્વિક તાપમાનમાં ગરબડ એમનુષ્યની સ્વકેન્દ્રીત પ્રક્રિયાનું પરિણામ છે. અને એને વેગ મળે છે.

એ જ દિવસે કૃષ્ણમૂર્તિએ ૧૯૭૯માં ૯ મી જુલાઈએ આપેલા પ્રવચનની વ્હીડિયો બતાવવામાં આવી. જેમાં કૃષ્ણમૂર્તિએ વિશ્વમાં પરિવર્તન લાવવા માટે આપણે એકત્રિતપણે એકાત્મતાપૂર્વક કાર્ય કરવા માટે આહ્‌વાન કર્યું હતું. પ્રવચનમાં તાત્ત્વિકસ્તરે કૃષ્ણજીએ સંવાદ સાધ્યો હતો. અશક્ય એવા પ્રશ્નથી એમણે શરુઆત કરી હતી. વિચાર પ્રક્રિયા બે પ્રકારની છે, એ કોઈ વસ્તુ, કે કોઈ સમસ્યા કે પોતાની અંગત બાબત વિશેની વિચારણા કરવી અથવા જગતની સમસ્યા વિશે વિચાર કરવો. એટલે કોઈ ને કોઈ બાબતના અનુસંધાનમાં વિચાર કરવો. પરંતુ આનાથી તદ્દન જુદીજ કોઈપણ વિષયના અનુસંધાનમાં ન હોય એવી વિચાર પ્રક્રિયા હોઈ શકે ખરી?

આ પ્રશ્નમાં ખરેખર એ સૂચિત થાય છે. વિચારપ્રક્રિયાના વિષયમાં કંઈક પ્રયોગ કરવા એવું અપેક્ષિત છે.'કોઈપણ વિષયને અનુલક્ષિત ના હોય એવી વિચારપ્રક્રિયા' આ બાબતના ઉકેલ સિવાય એક સમાનસ્તરે અને એકત્રપણે વિચાર કરવો અશક્ય બની જાય છે. એવું કૃષ્ણમૂર્તિ ભારપૂર્વક કહે છે. તેઓ કહે છે, આપણે વિચાર વિનિમય કરીએ ત્યારે આપણે એકત્રિત હોવું જોઈએ એ મહત્ત્વનું છે. ત્યારે તમારી વિચારણા કે મારી વિચારણા એવું હોતું નથી. આમ એકત્રિતપણે બધાએ સાથે મળી કરવું શક્ય છે?

આ પહેલાં કૃષ્ણમૂર્તિએ એક વાત કહી હતી ખડકની માફક અડગ રહે એવી સત્ત્વશીલતા હોય એવા માણસો, એવી આવશ્યકતાનું આપણને સૂચન કર્યું હતું. આ મુદ્દાને આપણે ધ્યાનમાં લેવા જેવો છે. ભેગામળી એકત્રપણે વિચાર કરવાથી જગતમાં પરિવર્તન લાવવું શક્ય બની શકે છે.

છેવટના દિવસે જે વીડિયો બતાવવામાં આવી તેમાં કૃષ્ણમૂર્તિ, પુપુલ જયકર અને બીજા પણ ચર્ચામાં હતા. તે ચર્ચા ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૪માં ઋષિવૅલીમાં યોજવામાં આવી હતી. પહેલા દિવસે બતાવવામાં આવેલી વીડિયોમાં કૃષ્ણજીએ બાહ્ય જગતમાંથી આંતરિક જગતમાં જવાની વાત માંડી હતી. આ ચર્ચામાં બાહ્ય જગત એટલે વિભિન્ન આદર્શવાદના સંઘર્ષ દ્વારા જે જગતની જાણકારી થાય છે તે વિશ્વ. આ છેવટના દિવસના વીડિયો સંવાદમાં એક અલગ રીતે વિચાર કરવાનો આરંભ; ખરેખરમાં કેવી રીતે અને ક્યાંથી કરવો જોઈએ એ બાબતે તેમનું ચિંતન હતું. માનવીના હસ્તક્ષેપને કારણે તણાવ ભરેલા જગતના સંબંધનો ત્યાગ કરી બધીજ સંવેદનાને એકત્રિત કરી દુનિયાનું નિરીક્ષણ કરવું. કરુણાસભર અથવા અન્યના આંસુ લુછવાની ક્ષમતા આજ એક માત્ર ગૂઢ એવી બાબત છે.

સંમેલનની પૂર્ણાહુતી કરતા શ્રી કંદાસ્વામીનું પ્રવચન હતું. કૃષ્ણમૂર્તિના શિક્ષણને સમજવામાં સામાન્ય પુરૂષને કંઈ મુશ્કેલી ઉદ્‌ભવે છે. એ બાબતમાં તેઓ બોલ્યા. જે ગામડામાં તેઓ નાનાથી મોટા થયા તેની સંસ્કૃતિનો ચિતાર વર્ણવ્યો. આધુનિક જીવનશૈલીનો ઉદય થવા પહેલાં ત્રણ વ્યક્તિનું ગામડાની સંસ્કૃતિ ઉપર વર્ચસ્વ હતું. તેઓનું વ્યક્તિત્વ તેમણે શ્રોતાઓને બતાવ્યું. આધુનિક યુગના આરંભ પહેલાં ભારતમાં દોષ ભરેલા માણસો હતા તેજ રીતે સદ્‌ગુણી માણસો પણ હતા. પરંતુ છેલ્લા અર્ધ દાયકામાં આપણે મહત્ત્વની લાક્ષણિક એવી બાબતને ગુમાવી દીધી છે. એ મુદ્દાની તેમણે રજૂઆત કરી. એક સુધારક એવા તમિળ સંત કવિ રામલિંગમ (જેને વલ્લાર નામથી પણ લોકો ઓળખે છે) તેનો શ્રી કંદાસ્વામીએ ઉલ્લેખ કર્યો. ''તેઓ કહેતા હતા મારી પાસે હીરામાણેક છે પણ તેના મૂલ્યને ઓળખે એવા ગ્રાહકો મારી પાસે આવતા નથી.'' શ્રી રાજન ચાંડીએ જેનો ઉલ્લેખ કર્યો હતો ''મુક્તિ અથવા જીવનનું અંતિમ ધ્યેય''એ મુદ્દો અહીં ધ્વનિત થતો હતો. કંદાસ્વામીએ કહ્યું તે અવતરણોમાં એ સૂચિત થતું હતું કે ''મુક્તિની શોધ એજ મનુષ્ય જીવનની સાર્થકતા છે.''

સંમેલનમાં વક્તાઓએ આપેલા પ્રવચનમાં કૃષ્ણમૂર્તિના શિક્ષણમાંથી મહત્ત્વના મુદ્દા પર ગહનતાથી વિચારપૂર્વક પ્રકાશ ફેંકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અર્વાચીન શ્રોતા અને ભવિષ્યના શ્રોતાઓ માટે પડકારરૂપ જે વાત છે તે આંખ સામે આવી. આધ્યાત્મિક જીવનનો વિચાર વ્યક્તિગત રીતે કરવામાં આવે છે. પરંતુ આપણો સંબંધ કલ્પના, વિચાર, સંપદા અને નિસર્ગની સાથે યોગ્ય એવો સંબંધ પ્રસ્થાપિત કરવાથી આધ્યાત્મિક જગતનો વ્યાપ વધી શકે. ડૉ. એનીબેઝન્ટે કૃષ્ણમૂર્તિને જગદ્‌ગુરુ (World Teacher) નું બિરુદ આપ્યું હતું. આ બિરુદમાંથી એક પડકાર પણ અભિપ્રેત થાય છે. તે આહવાનને ઉજાગર કરવા માટે આખા જગતે આગળ આવવું જોઈએ.

**'આનંદ વિહાર કૃષ્ણમૂર્તિ અભ્યાસ કેન્દ્ર'** જાંભિળ ઘર, બદલાપુરમાં રહી શકે એવા વ્યવસ્થાપકની આવશ્યકતા છે. જે. કૃષ્ણમૂર્તિના વિચારોથી પરિચિત હોય ખેતી અને બાગકામ વિશેની માહિતી અને તે કાર્યમાં રૂચી ધરાવતી વ્યક્તિએ પોતાની ઉંમર, અનુભવ અને શિક્ષણ વગેરેની સાથે તેમજ પોતાની અપેક્ષા સાથે નીચેના પત્તા ઉપર અરજી કરવી. નિવૃત્ત વ્યક્તિ અને પતિપત્ની સાથે રહી કાર્ય કરી શકે એવી સંસ્થાની અપેક્ષા છે.

સરનામું **અભિજીત પડતે**
૨૦૧, 'ઉષશ' સોસાયટી, લિંકીંગ રોડ એક્સ્ટેન્શન. શાસ્ત્રીનગરની સામે, સાન્તાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૦૪.
ટે.નં. 9819799577, 9820771218
email : vasantipadte@gmail.com/ pvdabs@gmail.com

# શ્રવણ કરવું એટલે શું, શીખવું એટલે શું અને નિરીક્ષણ કરવું એટલે શું?

**શ્ર**વણ કરવું એટલે શું, શીખવું એટલે શું અને નિરીક્ષણ કરવું એટલે શું? આ વિષયમાં આપણે બોલીએ. આપણામાંથી મોટા ભાગના લોકો ક્યારેક જ સાંભળતા હોય છે. આપણે માત્ર આપણા કાન (શ્રવણેન્દ્રિય) દ્વારા સાંભળીએ છીએ સર્વ સાધારણપણે, પરંતુ આપણે તેને ગહનતાપૂર્વક સાંભળતા નથી. આપણે જે કંઇ સાંભળીએ એને આપણી ભાષા કે ભાવના પ્રમાણે તારાવણી કર્યા વગર. તેમજ તેના જુદો અર્થ તારવ્યા વગર સાંભળવું જે કંઇ બોલાયુ હોય તેને તેજ સ્વરૂપમાં સાંભળવું. પછી તે આપણો મિત્ર હોય કે આપણો સગો હોય કે પછી કોઇ પક્ષીનો મધુર અવાજ હોય કે ખળખળ વહેતા જળનો પ્રવાહ હોય. આ સાંભળવું એ આપણી અંદર ગહનતાથી અંદર ઉતરતું નથી. તમે કોઇના વિધાનને સાંભળતા હોવ. કોઇ તમને કંઇ કહી રહ્યું હોય અથવા વક્તા તમારા માટે કંઇક શોધી રહ્યા છે. આપણે ભેગા મળી એની શોધ લઇ રહ્યા છે. શું આપણુ સાંભળવું ઉપર ઉપરનું છે. કે પછી સાંભળવાનાં કર્મમાં આપણી બધી જ સમસ્યાનો ઉકેલ હોય છે. તેથી કેવી રીતે સાંભળીએ છીએ તે ઘણું અગત્યનું છે. જે કંઇ કહેવાય રહ્યું છે તેને જ સાંભળવું. માત્ર સાંભળવું, સાંભળવાની કળા. આથી આપણી સાંભળવાની ક્રિયામાં અત્યંત સંવેદનશીલતા હોવી જોઇએ. જે કંઇ મુર્ખામી ભરેલું ઉપરછલ્લું છે. એને આપણે નકારી શકીએ, આ ઘણું દેખીતું છે, પરંતુ આ સાંભળવામાં શું ખોટું છે અને શું સાચું છે તરત જોઇ શકવાની શકયતા હોય છે. ઘણી બધી છણાવટ પછી નહી કે વિશ્લેષણ દ્વારા નહીં. પરંતુ સાંભળવાની ક્રિયામાં જ સમજણ પ્રાપ્ત થાય છે. સાંભળવું એ મહાન કાર્ય કરવા જેવી બાબત હોઇ શકે. જો કોઇ તમને કહે કે ''હું તમને પ્રેમ કરું છું'' તમે એ વિધાનને કેવી રીતે સાંભળો છો? તમે ખરેખર સાંભળો છો, કે પછી આશ્ચર્ય સાથે તમને એવું લાગે છે એ વ્યક્તિ શા માટે એમ કહે છે,- એને શું જોઇએ છે? આ કહેવા પાછળ એનો હેતુ શું છે? આ શબ્દોની પાછળ તેના મનમાં શું ભાવના હશે? આથી આપણે તે વ્યક્તિની ભાવના ને સાંભળતા નથી અને જે એમ કહે છે કે 'મને તમારા માટે ઘણો આદર અને પ્રેમ છે.' એ વાતને તમે મનપૂર્વક સાંભળો ત્યારે ત્યાં તરત જ તમારી વચ્ચે સંવાદ સંધાય છે. મને શંકા છે કે તમારી બાબત એવું કદી ઘટિત થયું છે. આમ સંપૂર્ણપણે મનપૂર્વક સાંભળવામાં તમારે માટે સ્વર્ગ ના દરવાજા ઉઘડી જાય છે.

અને આ સાથે શીખવું એટલે શું એનો એ વિચાર કરવો જોઇએ. યંત્રજ્ઞાન, ભાષા, હવામાં કેમ ઉડવું, પત્ર લેખન કરવું વગેરે જીવનમાં શીખવાની બાબત છે પણ એ સિવાય બીજું કંઇ જીવનમાં શીખવા જેવું છે ખરું? પત્ર લેખન શીખવું, વિમાન કેમ ચલાવવું એવી જીવનમાં અનેક બાબત છે જે જ્ઞાન શીખવાની આવશ્યકતા છે. પુસ્તક કેમ વાચવું, મોટર કેમ ચલાવવી, સારા સુથાર કેવી રીતે થવું એ બધું તમે શીખો છો ને તે વિશે જ્ઞાન એકત્ર કરો છો. અને પછી કુશળતાપૂર્વક તે જ્ઞાનનો ઉપયોગ કરો છો. જે સમયે 'શીખવું' એ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. જ્યારે આપણામાંથી મોટાભાગના લોકો એ જ કાર્ય કરે છે. જાણકારી અને તંત્રજ્ઞાનનો આપણા મગજમાં તેનો સંગ્રહ કરીએ છીએ. અને મગજ દ્વારા સંચિત જ્ઞાન પ્રમાણે આપણે દિશા અને કાર્યનો નિર્ણય કરીએ છીએ. સર્વ સામાન્ય રીતે શીખવાનો આપણે એવો અર્થ તારવીએ છીએ. બાહ્ય શિક્ષણ વાતાવરણ વિશે શીખવું. જુદી જુદી બાબતો વિશે શીખવું. પરિઘની આસપાસનું શીખવું. હવે બીજા પ્રકારનું પણ શીખવાનું છે? માનસિક રીતે શીખવું અને તેનો માનસિક રીતે સંગ્રહ કરવાં જે જુદા જુદા અનુભવ ઘટનાના ને કારણે આપણા માનસમાં સંગ્રહિત થાય છે. અને જે આપણા અરસપરસના સંબંધમાં અને દૈનિક જીવનમાં આપણા ને મદદરૂપ થાય અને સ્પષ્ટતા લાવે એવું શિક્ષણ હોય છે ખરું? તમે મારો પ્રશ્ન સમજ્યા?

આપણામાં ઘણા લોકો અત્યારે તમે જે કરી રહ્યા છો. એમ જ કદાચિત કરતા હશે-અને મને આશા છે કે તમે તેમ કરતા નથી. તમે સાંભળો છો અને શીખો છો, શબ્દના સામાન્ય અર્થ પ્રમાણે જે કંઇ કહેવાય રહ્યું છે તે મગજમાં સંગ્રહીત થાય છે અને પછીથી કહો કે હા 'મને તે સમજાયું! પહેલાં સાંભળવું. પછી સત્યનું નિરીક્ષણ કરવું અથવા જે કંઇ કહેવામાં રહ્યું છે તેમાંથી જે ખોટું છે તેને નિહાળવું એ જે વાસ્તવિક લાગે તેને વળગી રહેવું અને તે પ્રમાણે કર્મ કરવું. આમ અધિક અને અધિક સંગ્રહ કરવું ભાષા શીખવામાં તેમજ એવું બીજું કંઇપણ કરતા હતા તે પ્રમાણે ફરી ફરી તેવું જ કરતા રહેવું તેવા જ ઘટનાક્રમનું અનુશરણ કર્યા કરવું આ જ છે શીખવાની સમગ્ર પ્રક્રિયા.

હું અને તમે આપણે એ પ્રશ્ન પૂછી રહ્યા છીએ, નિરીક્ષણ કરવાનો કોઇ જુદો માર્ગ છે જેમાં કંઇ સંગ્રહ કર્યા વગર નિરીક્ષણ કરવાનું હોય? કારણકે આપણે જે ક્ષણે સંગ્રહ કરીએ છીએ અને તે પ્રમાણે કાર્ય કરીએ છીએ ત્યારે તે યંત્રવત બની જાય છે. આપણું મગજ યાંત્રિક મશીન બની જાય છે. પરંતુ મગજ જયારે યંત્રવત ચાલતા વિચારોના પ્રતિભાવોથી મુક્ત હોય છે. ત્યારે તેમાં અગાધ એવી અમાપ ક્ષમતા હોય છે. ઊર્જા હોય છે. એ નિહાળો કે મનુષ્યે આ યંત્ર જગતમાં શું કરી મુક્યું છે. કમ્પ્યુટરના માધ્યમ દ્વારા, યુધ્ધના શસ્ત્રોના જગતમાં વગેરે બધા ક્ષેત્રમાં કદાચ છેલ્લા સો વરસમાં યંત્રજ્ઞાનના ભયાનક એવી પ્રગતિથી, તેથી આ મગજ વિલક્ષણ એવા કાર્યો કરવામાં સક્ષમ છે. કદાચ વૈજ્ઞાનિકો એવું કહે છે માટે તમે તેનો સ્વીકાર કરો છો. આ કંઇ કટાક્ષમય રીતે કહેવામાં નથી આવી રહ્યું.

સાનેન, જુલૈ ૧૯૮૨

---

## સાંભળવાની ક્રિયા મુક્તિ લાવે છે

**જ્યા**રે તમે સાંભળવાનો પ્રયત્ન કરો છો ત્યારે તમે સાંભળો છો ખરા? તમારો પ્રયત્ન એ સાંભળવાની આડે આવે છે, નથી આવતો? જ્યારે કોઇ બાબત સાંભળવામાં આનંદ મળતો હોય ત્યારે તમે પ્રયત્ન કરતા હોવ છો? જ્યાં સુધી તમારું મન પ્રયત્નપૂર્વક કંઇકમાં ગૂંથાયેલું હોય, સ્પર્ધામાં હોય, કંઇકનું સમર્થન કરતું હોય, કોઇની ટીકા કરતું હોય ત્યાં સુધી તમને સત્યની જાણ થતી નથી અને અસત્ય એ અસત્ય લાગતું નથી.

સાંભળવું એ સ્વયંમાં પૂર્ણ કર્મ છે. શ્રવણની પ્રક્રિયા જ પોતાની મુક્તતા લઇને આવે છે. પરંતુ તમારી અંદર સાંભળવાની ઉત્સુકતા છે ખરી? અથવા સ્વયંની અંદર રહેલી અસ્વસ્થતાને સમજવા માટે ઉત્કટતા છે ખરી? જો તમે સાંભળતા હોવ. એટલે કે તમારી અંદર રહેલો સંઘર્ષ, આંતરવિરોધનું અવધાન રાખી, તેને કોઇપણ પ્રકારના વિચારના માળખામાં ઢાળો નહિ. અને માત્ર સાંભળો. ત્યારે તે (સંઘર્ષ આંતર્વિરોધ) કદાચિત પૂર્ણપણે શાંત થઇ જાય છે. તમે એ જુઓ કે આપણે સતત આ થવા કે તે થવા માટે પ્રયત્નશીલ હોઇએ છીએ, કોઇ પ્રકારની અવસ્થા પ્રાપ્ત કરવા માટે, કોઇ વિશિષ્ટ અનભવ પ્રાપ્ત કરવા માટે, બીજા અનુભવને ટાળવા માટે ખટપટ કરતા રહીએ છીએ. એનો અર્થ એ કે મન ક્યાંક ને ક્યાંક ગૂંથાયેલું હોય છે. તે કદી પણ પોતાની અંદર થતા શોરબકોરને વેદનાને સાંભળવા માટે શાંત થતું નથી. સરળ રહો. કંઇપણ બનવાનો પ્રયત્ન કરો નહીં. કોઇપણ અનુભવ મેળવવા માટે ખટપટ કરો નહીં.

*The Book of Life*, ૫ જાન્યુઆરી

# પુસ્તક પરિચય




શિક્ષક, ગુરુએ ઊભરતી પેઢીના શિલ્પકાર છે એવું અનાદિકાળથી આપણે ત્યાં માનવામાં આવે છે. પરંતુ કૃષ્ણમૂર્તિના દૃષ્ટિકોણ પ્રમાણે શિક્ષક કેવા હોવા જોઇએ એનું ગહનતાપૂર્વકની સમજણ આપતું મૂળભૂત રીતે વિશ્લેષણ કરતું એક અંગ્રેજી પુસ્તક *Educating the Educator* - શિક્ષકોને શિક્ષિત કરવા - એ વિષયમાં અંગ્રેજીમાં ઉપરોક્ત પુસ્તક કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડીયા દ્વારા હમણાં જ બહાર પાડયું છે. તેનો સહી પરિચય છે.

શિક્ષણના વિષયમાં કૃષ્ણમૂર્તિનો દૃષ્ટિકોણ પારંપારિક પધ્ધતિથી જુદા પ્રકારનો હતો. આથી તેમણે ભારતમાં અને પરદેશમાં શાળાઓ ખોલી શિક્ષણ ક્ષેત્રમાં પ્રયોગ કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ દુનિયામાં શિક્ષકોને પ્રશિક્ષિત કરવાની અનેક વિદ્યાપીઠો છે. અને આ વિદ્યાપીઠ શાળા અને લગતા વિષયોને લગતું શિક્ષણનું પ્રશિક્ષણ આપી શિક્ષકોને પારંગત કરવામાં આવે છે જેથી તેમની પારંગતતા વિદ્યાર્થી સુધી પહોંચાડી શકાય.

કૃષ્ણમૂર્તિનો શિક્ષણ પ્રતિના દૃષ્ટિકોણમાં આ પધ્ધતિ બીજા ક્રમે આવે છે. સ્વયં શિક્ષકોની પ્રજ્ઞામાં વધારો થવો જોઇએ એ મહત્ત્વની બાબત છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પ્રેમમય સંબંધ અપેક્ષિત છે. કૃષ્ણમૂર્તિનું કહેવું છે ''શિક્ષકોએ આપણે શા માટે જીવીએ છીએ આપણે શા માટે, પ્રયત્નશીલ રહીએ છીએ, શા માટે શિક્ષણ લઇએ છીએ. જગતના સ્તરે યુધ્ધ શા માટે થઇ રહ્યા છે આ બધી બાબતને શિક્ષકોએ ગહનતાથી સમજવી જોઇએ અને તે પ્રમાણે વિદ્યાર્થીની પ્રજ્ઞાને જાગ્રત કરવી જોઇએ.'' અને બાળકોમાં તે વિશેની જિજ્ઞાસાપેદા કરવી જોઇએ અને શિક્ષકોનું આ જ મુખ્ય કાર્ય છે. જો શિક્ષકો આવી પ્રજ્ઞાને પોતાની અંદર જાગ્રત કરે નહીં તો તે વિદ્યાર્થીમાં કેવી રીતે તે પ્રજ્ઞા જાગ્રત કરી શકે? શિક્ષણ એ જીવવાનું સાધન છે માત્ર એવી સમજણ ના હોવી જોઇએ.

એથી એ આગળ કૃષ્ણમૂર્તિ એમ પણ કહે છે કે શિક્ષકોએ સમાજની અપેક્ષાની બહાર આવી બાળકોમાં આવી પ્રજ્ઞા જાગ્રત કરવી જોઇએ. બાળકોને શીખવતા-શીખવતા પોતે પણ ગંભીરતાપૂર્વક શીખતા રહેવું જોઇએ. એ ઘણું જ મહત્ત્વનું છે. કારણકે જ્યાં સુધી શિક્ષકમાં પોતાની અંદર પરિવર્તન ન આવે તો બાળકોમાં તે નહીં આવે.

આજના કાળમાં જે શિક્ષણપધ્ધતિ કાર્યરત છે તેમાં મૂલગામી પરિવર્તન લાવવાની ઇચ્છા ધરાવતા શિક્ષકો માટે તેમજ બાળકોના માતાપિતાએ અને શિક્ષણની બાબતમાં રસ ધરાવતા લોકો આ ૧૦૦ પાનાનું નાનું એવું પુસ્તક અવશ્ય વાંચવું જોઇએ. જેમાંથી તેમને નવી દૃષ્ટિ પ્રાપ્ત થશે.

**Educating the Educator: Rs. 25/-**

## આવરણ દૂર કરવું

તમે કેવી રીતે સાંભળો છો? મનમાં કોઇ સંકલ્પના કરી તમારી કલ્પનાના પ્રક્ષેપણ દ્વારા તમારી મહત્ત્વકાંક્ષા પ્રમાણે, તમારી ઇચ્છા, ભય, ચિંતા આ બધાની સાથે તમે સાંભળો છો? કે પછી તમારે જે કંઇ સાંભળવું છે એટલુંજ તમે સાંભળો છો, ક્ષણભર માટે તમારા દુઃખને હળવું કરે એવા લોકોને ફકત સાંભળો છો જો તમે તમારી ઇચ્છાના પડદા પાછળ રહી સાંભળતા હોવ ત્યારે ચોક્કસપણે તમે તમારા જ શબ્દોને સાંભળો છો. તમને તમારા કાનને તમારો જ અવાજ સંભળાશે. અહીં ખરેખરમાં તમને જે જોઇએ છે, તમારી જે અપેક્ષા છે સંભળાય છે. એથી અલગ એવી રીતે પણ સાંભળી શકાય ખરું? શું બોલાય રહ્યું છે કેવી રીતે સાંભળવું. એની સાથે બધી જ વાતો કેવી રીતે સાંભળવી એ સમજવું મહત્ત્વનું નથી શું? રસ્તા ઉપરનો ઘોંઘાટ, પક્ષીઓનો કલરવ, મોટરગાડીનો અવાજ, ખળભળતા સાગરની ગર્જના, તમારા પતિનું બોલવું કે પત્નીનું બોલવું, મિત્રોનું બોલવું, બાળકોનું રડવું એ બધાને કેવી રીતે સાંભળવું એના વિશે જાણવું કે સમજવું એ મહત્ત્વનું નથી? જ્યારે આપણે આપણી ઇચ્છઓનું પ્રક્ષેપણ ન કરતા સાંભળતા હોઇએ ત્યારે ત્યાં સાંભળવાનું મહત્ત્વ હોય છે. આપણે આપણા જ પડદાની પાછળ રહી સંભળીએ છીએ તે બધા જ પડદા હટાવી દઇ નિખાલસ પણે સાંભળવું શક્ય છે ખરું?

*The Book of Life*, ૨ જાન્યુઆરી

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચૈનેઇ ૬૦૦ ૦૨૮. • Email : thestudykfi@yahoo.com • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ:** ધી સ્ટડી વેલી સ્કુલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.

| | | | |
|---|---|---|---|
| ૦૬-૦૯ ફેબ્રુ. ૨૦૧૪ | Reconnecting with Nature | ૨૦-૨૩ ફેબ્રુ. ૨૦૧૪ | Individual Retreats |
| ૦૬-૦૯ માર્ચ ૨૦૧૪ | Why do I get Angry? | ૧૦-૧૩ એપ્રિલ ૨૦૧૪ | Karnataka JK Adhyayana Shibira: Understanding Relationship |

ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kifistudy@gmail.com. • Website : www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઇ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
૨૭ ફેબ્રુઆરી- ૦૫ માર્ચ૨૦૧૪ http://jkrishnamurtionline.org/info/STUDY'RETREAT'Feb'Mar'2014'vkc.pdf • Email: krc.himalay@gmail.com.
• ટે.નં (૯૪૧૨૪) ૩૬૪૨૯/૯૪૧૫૯ ૮૩૬૯૦ • website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલેંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦. • Email: kficuttackcentre@sify.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર:** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર. • ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: zilog@vsnl.com

## શીખવું એ અનુભવ નથી

**શી**ખવું એ ઘણો અર્થસૂચક શબ્દ છે. વિદ્યાઉપાર્જન એ બે પ્રકારની હોય છે. આપણામાંથી અનેકને માટે શીખવું એટલે જાણકારી અને જ્ઞાન એકત્ર કરવું. માનસિક દૃષ્ટિએ પણ શીખવાનું હોય છે. જીવનમાં જે તત્કાલ અનુભવ હોય છે, જે સમાજ, વર્ણ, પરંપરા, અક્ષતઃ એ માધ્યમ દ્વારા આપણી સમક્ષ આવે છે. એમાંથી શીખવાનું ઘટિત થાય છે. જીવનનો સામનો કરવા માટે બે પ્રકારનું શિક્ષણ હોય છે. માનસિક સ્તરનું અને ભૌતિક સ્તરનું શિક્ષણ. બાહ્ય કૌશલ્ય અને આંતરીક કૌશલ્ય. ખરું જોતા આ બેમાં એવો કોઇ ખાસ ફરક કરી શકાય નહીં. તે પરસ્પર એકત્ર છે. અત્યારે આપણે કર્મ કરી શીખવાનું કૌશલ્ય કે તંત્રજ્ઞાન શીખવા વિશે વાત નથી કરતા. પુસ્તકોના અભ્યાસ દ્વારા શીખવામાં આવતા તંત્રજ્ઞાન વિશે નહીં. આપણે જે સંબંધમાં શીખવાની વાત કરીએ છીએ તે માનસિક દૃષ્ટિએ શીખવાની વાત છે. આપણે સૈકાઓ પહેલા એકત્રિત કરવામાં આવેલું જ્ઞાન પરંપરા દ્વારા સંકલિત કરેલા જ્ઞાન દ્વારા શીખવું એને આપણે શિક્ષણ ગણીએ છીએ. પરંતુ હું એને શિક્ષણ કહેવું એ વિશે પ્રશ્ન પૂછું છું. હું ખાસ પ્રકારનું કૌશલ્ય પ્રાપ્ત કરવાની બાબતમાં કે તંત્રજ્ઞાનના શિક્ષણના વિશે બોલતો નથી. પરંતુ હું એ પૂછી રહ્યો છું કે મન ક્યારેક માનસિક દૃષ્ટિએ શીખે છે ખરું? શું તે શીખેલું છે? અને આપણે જે કંઇ શીખ્યા છે તેના આધારે જ આપણે જીવનનો મર્મ તારવીએ છીએ. તેના જ આધારે સામે આવતા નવા પડકારનો સામનો કરીએ છીએ. અને અત્યાર સુધી આપણે એજ કરતા આવ્યા છે. મને જે કંઇ ખબર છે એને જ દૃઢકરતો રહું, તો તે શીખવાની બાબત રહેતી નથી.

*The Book of Life*, ૧૦ જાન્યુઆરી

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા કેન્દ્ર, હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજીના બધા પુસ્તકો, ડીવ્હીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલ વિકાસ કેન્દ્ર, મુંબઇ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવારે અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપો અને સંવાદોની વ્હીડિયોનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમજ દર ગુરુવારે સમૂહ વાર્તાલાપનું આયોજન રાખવામાં આવે છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા<br>
વસંત વિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ,<br>
ચૈનેઇ ૬૦૦ ૦૨૮.<br>
દૂરધ્વનિઃ (૦૪૪)૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬<br>
Email : kfihq@md2.vsnl.net.in<br>
Website : www.kfionline.org<br>
સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા<br>
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિંમત નિવાસ,<br>
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ,<br>
મુંબઇ - ૪૦૦૦૦૬<br>
દૂરધ્વનિ : ૨૩૬૩૩૮૫૬<br>
ઇમેલ : kfimumbai@gmail.com

## શબ્દના નાદની પેલે પાર

**સાં**ભળવું એ એક કલા છે એ સહજતાથી આત્મસાત થતી નથી. પરંતુ તેમાં અપાર એવું સૌંદર્ય અને અગાધ સમજ છે. આપણા જીવનની અંદર બાહ્ય સ્તરે આપણે સાંભળતા હોઇએ છીએ પરંતુ આપણું સાંભળવું એ પૂર્વસંસ્કારથી પ્રતિબધ્ધ એવું મર્યાદિત છે. અથવા એક વિશિષ્ટ એવા દૃષ્ટિકોણથી પોતાના સ્વગત વિચારોની શ્રૃંખલા, નિર્ણયો વગેરેનો હંમેશા અવરોધ હોય છે. સાંભળવા માટે આપણું અંતરમન પૂર્ણપણે શાંત હોવું જોઇએ, કંઇક પ્રાપ્ત કરવાની પ્રયત્નશીલતાથી મુક્ત હોવું જોઇએ, અને શાંત એવું અવધાન હોવું જોઇએ. મનની આવી અવસ્થામાં શબ્દોના નિષ્કર્ષની પેલે પાર જઇ સાંભળવું શક્ય બને છે. શબ્દ એ ભ્રમ પેદા કરે છે. તે બાહ્ય રીતે સંવાદ સાધવા માટેનં સાધન છે. પરંતુ શબ્દોના નાદની પેલે પાર જઇ સંવાદ સાધવા માટે મનની જાગ્રત એવી, તટસ્થ અવસ્થા હોવી જોઇએ. જે પ્રેમ કરે છે તે સાંભળી શકે છે. પરંતુ એ રીતે સાંભળનારા ભાગ્યે જ મળે છે. આપણા અનેક લોકો પરિણામની પાછળ પડેલા છે. ધ્યેયને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ હોય છે. જિતની પાછળ, વિજય કે યશની પાછળ હમેશા દોડતા હોય છે. આથી ખરા અર્થમાં સાંભળવું ઘટિત થતું નથી. નિરાગસ સાંભળવામાં જ આપણા ને શબ્દોના ગીતો સાંભળવામાં આવે છે.

*The Book of Life*, ૩ જાન્યુઆરી

કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે કઇ વેબસાઇટ્સ :

www.jkrishnamurti.org<br>
www.kfionline.org<br>
www.rishivalley.org<br>
www.j-krishnamurti.org<br>
www.kfistudy.org<br>
www.kscskfi.com<br>
www.jkrishnamurtionline.org<br>
www.kfa.org<br>
www.kfoundation.org<br>
www.kinfonet.org

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઇચ્છિત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઇ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ હોય તો તે જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*

**Krishnamurti Foundation India**<br>
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,<br>
Malabar Hill, Mumbai - 400 006.<br>
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com<br>
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net ● Editor : Vasanti Padte ● Translator : Harshad Panchal ● Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com*